તમારા માંથી કોઈ ત્રણ પથ્થર કરતા ઓછા પથ્થરથી ઇસ્તિન્જા (સફાઈ) ન કરે

સલમાન રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેમણે કહ્યું: મુશરિકોએ અમને કહ્યું: અમે
જોઈએ છીએ કે તમારો નબી તમને બધી જ શિક્ષા આપી રહ્યા છે, અહીં સુધી કે શૌચલયના આદાબ પણ શીખવાડી રહ્યા છે, સલમાન રઝી અલ્લાહુ અન્હુએ કહ્યું: કેમ નહીં, આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ અમને જમણા હાથ વડે તેમજ કિબ્લા તરફ મોઢું કરીને શૌચલય કરવાથી રોક્યા છે, એવી
જ રીતે ગોબર અને હાડકાથી સફાઈ કરવાથી રોક્યા છે, અને કહ્યું: «તમારા માંથી કોઈ ત્રણ પથ્થર કરતા ઓછા પથ્થરથી ઇસ્તિન્જા (સફાઈ) ન કરે». [સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

સલમાન ફારસી રઝી અલ્લાહુ અન્હુએ કહ્યું: મુશરિકોએ અમારો મજાક કરતા અમને કહ્યું: તમારા પયગંબર તો તમને દરેક વસ્તુઓની શિક્ષા આપી રહ્યા છે, અહીં સુધી કે શૌચલયના આદાબ પણ શીખવાડી રહ્યા છે! સલમાન રઝી અલ્લાહુ અન્હુએ કહ્યું: હા, કેમ નહીં, અમને તો અમારા પયગંબર તો શૌચલયના પણ આદાબ શીખવાડે છે; તેમાંથી એક એ કે અમને જમણા હાથ વડે શૌચ કર્યા પછી અશુદ્ધતાથી બચવાનો આદેશ આપ્યો છે તેમજ કિબ્લા તરફ મોઢું કરીને શૌચલય કરવાથી રોક્યા છે, એવી જ રીતે ઢોરની ગંદકી જેમ કે ગોબર અને હાડકાંથી સફાઈ કરવાથી રોક્યા છે, અને ત્રણ પથ્થરોથી ઓછા પથ્થર વડે સફાઈ કરવાથી રોક્યા છે.

http://sunnah.global/hadeeth/gu/show/10048